


"જોરદાર હોં..!! કેવું પડે..!"

"શું જોરદાર..?! શું કહેવું પડે..?! આ મોઘમ બોલવાની ટેવ છોડો... ખુલમખુલા વાત કરો તો મજા પડશે..!!"

"અરે સાહેબ..! આ વખતે તમારા રાહુલ ગાંધી જોરદાર હોમવર્ક કરીને આવ્યા છે..!! ક્યાંય ભુલ જ નથી કરતાં..!!"

"હં...અ...તો તમે ભુલની રાહ જોઈને બેઠા છો..?!"

"બહુ સ્વાભાવિક છે..! તમારી ભુલ થાય એને અમે પગથિયુ બનાવી દઈએ... અને એના ઉપર અમે સડસડાટ..!!"

"હવે તો છાશ ફુંકી ફુંકીને પીવે ને..?! ભુલોયે ખુબ કરી..! ભૂલો તમે કરાવી..! અને એ ભુલોનો લાભ પણ તમે ખુબ લીધો.. હવે તો ચેતવું જ પડે ને..?! ક્યાં સુધી તમારા જોક્સ સહન કરવાના..?!"

"હવે તો ધારદાર અને જોરદાર ભાષામાં પડકારે છે ને તમને..?!"

"ઠીક છે..! જોરદાર-ધારદાર તો ઠીક મારા ભાઈ... હજુ તો અમે મેદાનમાં જ ક્યાં આવ્યા છીએ..?! અમારે તો કાર્યકરોની જ સભા ચાલે છે... પ્રજા સુધી પહોંચવા તો દો..!!"

"ઓ...હો... એટલે કાર્યકરોમાં જ ડખા છે એમને..?! એટલે હજી ડેમેજ કન્ટ્રોલ પ્રક્રિયા જ ચાલે છે... ખરૂને..?!"

"ના... ભાઈ... ના..! કાર્યકરો અમારી મુડી છે... અને એમને સજ્જ કરવાની જવાબદારી અમારા સર સેનાપતિની છે... એટલે અત્યારે તો ગ્રાન્ડ રીહર્સલ જ ચાલે છે... મેદાનમાં આવશે પછી જોજોને જંગ..!!"

"હા... અમને ખબર છે... તમારા જંગ પહેલાના રંગ અને જંગના રંગ..!! હવે કંઈ તમારૂ સંગઠન પહેલાં જેવું નથી હોં..!! પહેલા સાહેબ હતા ત્યારે બધા એમની ધાકથી ફફડતા..!! અત્યારે તો કોણ કોને ગાંઠે છે..?!"

"હા... એ તો કમળો થયો હોય તેને બધે પીળુ જ દેખાય..!! જૂથવાદ તમારા ત્યાં છે એટલો તો કોઈ પક્ષમાં નથી..! એક બીજાને પાડી દેવાની જ વાતો હોય છે તમારે ત્યાં..!! એવું અમારે ત્યાં નથી... હા થોડી ચણભણ હોય... વિચારભેદ હોય... પણ એકવાર ઉમેદવાર જાહેર થઈ જાય પછી બધા એક જ..!!"

"રહેવા દો સાહેબ..! અત્યારથી જ ચોકઠા ગોઠવાઈ ગયા છે... કોણ કોને પાડી દેશે..!! તમારા ત્યાં છે બધા છુપા રૂસ્તમ... બોલીને બગાડતા નથી પણ શાંત રહીને બગાડે છે..! જ્યારે અમારે ત્યાં તો એક વખત બોલી નાખે એટલે ઉભરો નીકળી જાય... પછી કોઈના મનમાં ક્યાંય કડવાશ ન રહે..!!"

"જવા દો... હવે તમારા ત્યાં કોની કેટલી કડવાશ છે એના ટેસ્ટ કરાવવા છે..?! પ્રદેશકક્ષાના કેટલાય નેતાઓને તો બોલવાના ય વહેવાર નથી..! ભલે ફોટામાં સાથે હોય..!!"

"... ઉભા રો ઉભા રો... આ જુની વાત છે... 'બાપુ'ના ગયા પછી અમારા ત્યાં તો એક તાલ અને એક સુરમાં નવસર્જનના ગીતો ગવાય છે..!!"

"સારી વાત છે..! ટીમ એક બને એ અમારા પક્ષની હોય કે તમારા પક્ષની... પક્ષની આંતરિક લોકશાહી મજબુત બનવી જોઈએ..! અને હા..! પક્ષમાં લોકશાહી મજબુત હશે તો દેશમાં પણ લોકશાહી મજબુત બનશે..!!"

- નિમિત્ત માત્ર




પટેલ પાવર - પટેલ અનામત આંદોલન સાથે સંકળાયેલ બંને સંસ્થાઓ એસ.પી.જી. અને પાસના કન્વીનરોની બેઠક ગાંધીનગરના પાદરમાં બે છેડે મળી હતી... પાસના કન્વીનરોની બેઠક સરગાસણ પાસે ફાર્મ હાઉસમાં મળી હતી જ્યારે એસ.પી.જી.ના કન્વીનરોની બેઠક રાયસણ ફાર્મ હાઉસમાં મળી હતી... આમ પાટનગરની આસપાસ પટેલ પાવર એકત્ર થયો હતો... બંનેનો એજન્ડા એક જ હતો... છતાં સૂરમાં નજીવો ફેરફાર હતો... કોઈ સ્પષ્ટ જાહેરાત વિના પાટીદાર અનામત લડી લેવાનો નિર્ધાર બંનેએ વ્યક્ત કર્યો હતો... જોકે પાસે ખુલ્મખુલ્લા સત્તા પક્ષનો વિરોધ કરવાની જાહેરાત કરી હતી... પરંતુ અનામત અંગે હજુ એક બે દિવસમાં સ્પષ્ટ જાહેરાત કરશે એમ જણાવ્યું હતું...

# ગાંધીનગર સૌથી ઠંડુ શહેર

**જનજીવન પ્રભાવિત પારો ૧૩ .૫ ડિગ્રીએ : છેલ્લા બે દિવસમાં ઠંડીનો પારો બે ડી ગ્રી ગગડયો : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેવડાથી પણ વધુ તફાવત : શિયાળાની મોસમ નિખરતા રાત્રિના માર્ગો પર સુનકાર**

ગાંધીનગર તા ૧૩

છેલ્લા ૨૪ કલાકમાં ૧.૫ ડિગ્રી પારો ગગડતા ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું.

શહેરમાં ગત સપ્તાહ દરમિયાન વાતાવરણમાં ગરમીનુ પ્રભુત્વ જોવા મળ્યુ હતુ. અલબત્ત ઠંડીના દિવસોમાં પણ નગરજનો ગરમીનો અહેસાસ કરી રહયા હતા. જયારે છેલ્લા ત્રણ દિવસથી સતત લઘુત્તમ તાપમાન ગગડતા નગરજનો ઠંડીનો ચમકારો અનુભવી રહયા છે. છેલ્લા બે દિવસમાં ન્યુનતમ તાપમાન ૨ ડી ગ્રી ગગડતા આજે પણ શહેરીજનો રાત્રિના સમયે ઠંડીનુ મોજુ અનુભવ્યુ હતુ. વાતાવરણમાં અચાનક બદલાવના લીધે નગરજનો શરદીની ઋતુમાં ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. હજુ આગામી દિવસોમાં ઠંડીનુ જોર વધે તેવી શક્યતા છે. આજે પણ ઠંડીનો પારો એક ડી ગ્રી વધી ૧૩.૫ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. ગાંધીનગર ધીમે ધીમે ઠંડીની આહોશમાં આવતા જનજીવન પણ વાતાવરણની અસરથી પ્રભાવિત થઇ રહયુ છે.

નગરજનો છેલ્લા કેટલાક

● અનુસંધાન પાન-૫ પર

# સેક્ટર-પમાં કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસોનુ નવુ બિલ્ડીંગ બનશે

**સે-૫ અને સે-૬ માં બી અને સી કક્ષાના કુલ ૫૬૦ નવા મકાનો બંધાશે : સે-૫ માં પ્રથમવાર સરકારી આવાસો બાંધવામાં આવશે : નવા મકાનો બાંધવા માટે સ્થળ પસંદગી કરી દેવાઇ હોવાનુ મનાય છે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. મોટાભાગના મકાનો રહેણાંકને લાયક ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર નવા મકાનો બાંધવામાં આવી રહયા છે. શહેરના નવા સેકટરોમાં સેકટર -૫ પ્રથમવાર સરકારી આવાસો બાંધવામાં આવશે. સે-૫ માં બી કક્ષાના નવા આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. મસ્જીદ નજીકના વિસ્તારમાં નવી આવાસ યોજનાનુ નિર્માણ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે સે-૬ માં પણ રોહિદાસ મંદિર નજીક સ્થિત ખુલ્લા પ્લોટમાં નવા આવાસોનુ નિર્માણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર

# મતદાનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ : ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં મતદાનનો સમય વધારવા માટે મુખ્ય ચૂંટણી અધિકારીએ કરેલી રજુઆતનો ચૂંટણી પંચે અસ્વીકાર કર્યો છે અને મતદાનનો સમય સવારના ૮ થી ૫ નો જ રાખવાનો નિર્ણય કરેલ છે.

રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો મહત્વનો તબક્કો ઉમેદવારીપત્ર ભરવાનો આજથી આરંભ થઈ રહ્યો છે ત્યારે પંચે આજે મતદાનના સમયને લઈ આ મહત્વના નિર્ણયની જાણ મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને કરી દીધી છે. રાજ્યમાં ચૂંટણીમાં વી.વી.પેટનો ઉપયોગ થઈ રહ્યો છે અને સાત સેકન્ડ સુધી મતદારને તેને કરેલા મતદાનની વિગત જોવા મળવાની હોવાથી સમયમાં વધારો કરવાની રજુઆત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ કરી હતી. પંચે આ રજુઆતનો અસ્વીકાર કર્યો છે. હિમાચલ પ્રદેશમાં પણ વી.વી. પેટનો ઉપયોગ થયો છે અને ભારે મતદાનના પ્રતિસાદ પછી પંચે આ મહત્વનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

# આજે બાલ દિન નિમિત્તે બાલ સેવા કેન્દ્રના ૪૫ બાળકોનું ખાસ અભિવાદન કરાશે

ગાંધીનગર, તા. ૧૩

આજે બાલ દિન અંતર્ગત જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ચાર બાલ સેવા કેન્દ્ર અને એક સંજીવની બાલ કેન્દ્ર ખાતે આની વિશિષ્ટ ઉજવણી કરી કુપોષણ મુક્ત અભિયાનને સઘન બનાવવાનો સંકલ્પ કરાશે.

જિલ્લાના આર.સી.એચ.ઓ. ડૉ. હરેશ નાયકે જણાવ્યુ હતુ કે આ પાંચેય કેન્દ્રોમાં હાલ ૪૫ જેટલા બાળકો કુપોષણ મુક્તિની સારવાર હેઠળ છે. આ બાળકોને 'આવતીકાલનું ગુલાબ' બેનર તળે ખાસ અભિવાદન કરાશે તેમજ બાળકની માતા જે આ કેન્દ્રો ખાતે છે તેમને સ્વચ્છતા અંગેની તંત્રની ખાસ કીટ આપવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને કુપોષિત બાળકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો ત્રીજા સર્વેક્ષણ અભિયાનમાં થયો છે.

ડૉ. નાયકે જણાવ્યુ હતુ કે આ બાલ સેવા કેન્દ્રોમાં ૧૪ દિવસની સઘન સારવાર આપવામાં આવે છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં કુપોષણને લઈ તંત્રએ ચલાવેલ લોક જાગૃતિ અભિયાનને પણ સારો પ્રતિસાદ મળ્યો છે તેવુ ચોક્કસ કહી શકાય.

# વાંધાજનક વિડિયો સંદર્ભે હાર્દિક પટેલ ૧૮મીએ ખુલાસો કરશે

અમદાવાદ, તા. ૧૩

હાર્દિક પટેલ તેના વાયરલ વીડિયો અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, આ ખોટી અને મોર્ફ કરેલી સીડી છે, હું મારી પર લાગેલા આરોપ મામલે તા.૧૮મીએ માણસમાં જે વિશાળ જાહેરસભા યોજાવાની તેમાં ખુલાસો કરીશ. અમે અમારા પુરાવા જાહેરમાં રજૂ કરીશું. હાર્દિકે ભાજપ પર સીધો પ્રહાર કરતાં જણાવ્યું કે, જેને જે કરવુ હોય તે કરી લે, ગમે તેવા હીન પ્રયાસો કરી લે પરંતુ સમાજ અને જનતાના ન્યાય માટે લડત ચાલુ રાખીશ. સીડી અંગે હાર્દિકે વધુમાં જણાવ્યું કે, મને લાગે છે, ભાજપ ચૂંટણી હારી રહી છે, તેથી હવે હાર્દિક પટેલ પર આવા આરોપો લાગી રહ્યા છે. મતોની ગંદી રાજનીતિ માટેનો આ હીન પ્રયાસ છે.

# પાસ દ્વારા કોંગ્રેસના ત્રણ વિકલ્પોમાંથી એકનો સ્વીકાર કરાયો : હાર્દિક

**બંધારણમાં લખ્યું નથી કે, ૫૦ ટકાથી વધુ અનામત ન જ મળે : પાસ કમીટીના સભ્યોની હાર્દિક સાથે બેઠક યોજાઇ**

અમદાવાદ,તા.૧૩

પાટીદારોની ઓબીસીમાં અનામતની માંગણીને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા પાસના નેતાઓને અપાયેલા ત્રણ વિકલ્પો-ફોર્મ્યુલા બાદ આજે પાસના કોર કમીટીના સભ્યોની પાસના નેતા હાર્દિક પટેલ સાથે એક મહત્વની બેઠક યોજાઇ હતી. બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે હાર્દિક પટેલે સાંજે પત્રકાર પરિષદ કરી જાહેરાત કરી હતી કે, કોંગ્રેસ દ્વારા અપાયેલા ત્રણ વિકલ્પોમાંથી એક વિકલ્પનો તેમણે સ્વીકાર કર્યો છે અને તે વિકલ્પ હવે પાટીદાર સમાજના મુખ્ય આગેવાનો, એસપીજી સહિતના મોભીઓને વિશ્વાસમાં લેવા અને તેમની પણ મંજૂરી માટે મોકલાશે ત્યારબાદ બુધવારે પાસનો નિર્ણય કોંગ્રેસને સુપ્રત કરવામાં આવશે. હાર્દિકે એ પણ સ્પષ્ટ કર્યુંહતું કે, મેં બંધારણનો, સુપ્રીમકોર્ટના ચુકાદા અને વિવિધ રાજયોની અનામત વ્યવસ્થાનો અભ્યાસ કર્યો છે પરંતુ કયાંય નથી લખ્યું કે, ૫૦ ટકાથી વધુ અનામત ના મળી શકે. પાસના યુવા નેતા દિનેશ બાંભણીયાના ગાંધીનગરના સરગાસણ ખાતેના ફાર્મહાઉસ ખાતે પાસની કોર કમીટીના સભ્યોની હાર્દિક પટેલ સાથે બેઠક યોજાઇ હતી, જેમાં અનામતના મુદ્દે વિગતવાર અને ઝીણવટભરી ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

પાસના નેતાઓ દ્વારા કોંગ્રેસ તરફથી સૂચવાયેલા વિકલ્પો અને ફોર્મ્યુલા સંદર્ભે કાયદાકીય અને બંધારણીય અભિપ્રાય પણ મેળવાયો હતો અને તેની પર ચર્ચા વિચારણા હાથ ધરી એકમત સધાયો હતો. હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, બંધારણીય જોગવાઈ સાથે સુસંગત રહીને ચોક્કસ અનામત આપી શકાય એમ છે. કોંગ્રેસે અમારી માંગણી ધ્યાને લઈ જે હકારાત્મક અભિગમ અપનાવી ત્રણ વિકલ્પોની ફોર્મ્યુલા આપી છે, તેમાંથી એક અમે સ્વીકાર્યો છે.

## બેસણું



અમારા પુત્ર કેતન કાન્તીલાલ ઉપાધ્યાયનું તા. ૧૦-૧૧-૧૭નો શુક્રવારના રોજ આકસ્મીત અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૪-૧૧-૨૦૧૭ને મંગળવારના રોજ સાંજે ૫થી૭ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઈ-૭૦૪, પૂર્ણમ રેસિડેન્સી, શ્રીફલ હાઈટની બાજુમાં, પોર-કુડાસણ રોડ, ગાંધીનગર મો. ૮૧૪૦૬૨૧૯૭૧

લિ. કાન્તીલાલ ઉત્તમરામ ઉપાધ્યાય (પિતા)
પ્રમોદાબેન કાન્તીલાલ ઉપાધ્યાય (માતા)

## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER 2017**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 30.09.2017 (Unaudited) | Half Year ended 30.09.2017 (Unaudited) | Quarter ended 30.09.2016 (Unaudited) |
| 1 | Total Income from Operations (net) | 36,267.64 | 67,545.45 | 28,673.84 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 26,051.14 | 49,938.79 | 19,647.83 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 26,051.14 | 49,938.79 | 19,647.83 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 17,695.80 | 32,947.42 | 12,983.18 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 17,661.53 | 32,889.85 | 12,843.49 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,376.70 | 56,376.70 | 56,346.66 |
| 7 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 3.14 | 5.85 | 2.28 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 3.14 | 5.84 | 2.27 |
| 7 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 3.14 | 5.85 | 2.28 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 3.14 | 5.84 | 2.27 |

**Notes: (1)** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **(2)** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 13th November, 2017. **(3)** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Gandhinagar
Date: 13th November, 2017

# હરિધામ સોખડાના કોઠારી સ્વામી બ્રહ્મલીન

વડોદરા,તા.૧૩

હરીધામ સોખડા ગામ સ્થિત યોગી ડીવાઈન સોસાયટી સ્વામીનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત પુરૂષોત્તમ ચરણદાસ (કોઠારી સ્વામી)નું આજે વહેલી સવારે ૭૯ વર્ષે અક્ષરનિવાસી થયા છે. કોઠારી સ્વામીના બ્રહ્મલીન થયાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં મોટી સંખ્યામાં હરીભક્તો સોખડા ખાતે પહોંચ્યા હતા.

૧૯૬૧માંયોગી મહારાજે ૫૧ સંતોને દીક્ષા આપી હતી. જેમાં એક પુરૂષોત્તમ ચરણદાસ સ્વામી હતા. પુરૂષોત્તમ ચરણદાસ સ્વામીનો જન્મ સૌરાષ્ટ્રના માણાવદર ગામમાં થયો હતો. બાળપણથી જ તેઓને આધ્યાત્મિકતાની લગન લાગી હતી. અને ૧૯૬૧માં તેમણે યોગી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. યોગી ડીવાઈન સોસાયટી સ્વામી નારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત અને કોઠારી સ્વામી હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com